# સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી હસ્તક ચાલતા
# સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં રૂબરૂ પ્રવેશ અંગેની જાહેરાત – વર્ષ ૨૦૨૬-૨૭

સને ૨૦૨૬-૨૭માં સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી હસ્તક સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો માટે ચોથા ઓફલાઇન રાઉન્ડ બાદ નીચે મુજબના અભ્યાસકારમોમાં રૂબરૂ કાઉન્સેલિંગ નીચેની વિગતે યોજવામાં આવશે.

| ક્રમ | અભ્યાસક્રમ નું નામ | પ્રવેશ તારીખ અને સમય | યોગ્યતા |
|---|---|---|---|
| ૧. | બી ટેક. (આર.ઈ એન્ડ ઈ. ઈ.) | તા. ૦૭-૧૦-૨૦૨૬<br>સવારે ૭.૦૦ કલાકે | ધોરણ ૧૨ સાયન્સ (એ-ગ્રુપ) અથવા (બી-ગ્રુપ) (Physics, Chemistry, Mathematics / Biology થીયરી) GENERAL/EWS/OBC - 40% (PCM or PCB થીયરી વિષયમાં 300માંથી ૧૨૦ ગુણ) SC/ST – 35% (PCM or PCB થીયરી વિષયમાં 300 માંથી ૧૦૫ ગુણ) GUJCET-2026 is compulsory |
| ૨. | બી ટેક.( કૃષી ઈજનેરી ) ખેડબ્રહ્મા (સરદારકૃષિનગર) | | |
| ૩. | બી ટેક.( કૃષી ઈજનેરી ) થરાદ. | | |
| 4. | બી.એસસી. (ઓનર્સ) ફૂડ ન્યૂટ્રિશન એન્ડ ડાયટેટીક્સ | તા. ૦૭-૧૦-૨૦૨૬<br>બપોરે ૨.૦૦ કલાકે | ધોરણ ૧૨ સાયન્સ (એ-ગ્રુપ) અથવા (બી-ગ્રુપ) (Physics, Chemistry, Mathematics / Biology થીયરી) GENERAL/EWS/OBC - 35% (PCM or PCB થીયરી વિષયમાં 300માંથી ૧૦૫ ગુણ) SC/ST – 35% (PCM or PCB થીયરી વિષયમાં 300માંથી ૧૦૫ ગુણ) GUJCET-2026 is compulsory<br>**અગત્ય ની નોંધ :**<br>ફક્ત બી.એસસી. (ઓનર્સ) કોમ્યુનિટી સાયન્સ વિદ્યાશાખામાં ધોરણ - ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ઉમેદવાર ના મળે તો ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ/ઉત્તર બુનિયાદી) અંગ્રેજી વિષય સાથે ઓછામાં ઓછા સાત વિષયના ૫૦% માર્કસ સાથે ઉત્તીર્ણ થયેલ હોય તેવા ઉમેદવારોને નિયમોનુસાર કેટેગરી વાઇઝ ખાલી બેઠકો ઉપર પ્રવેશ આપવામાં આવશે. |
| 5. | બીએસસી (ઓનર્સ) કોમ્યુનીટી સાયન્સ | | |

**સ્થળ : પ્રોફ. વી. આર. મહેતા ઓડિટોરિયમ, સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવેર્સિટી, સરદારકૃષિનગર**

## ❖ મહત્વની સૂચનાઓ

- રૂબરૂ કાઉન્સેલિંગના સ્થળે અરજી ફોર્મ ફી રૂ. 300/- (નોન-રિફંડેબલ) ભરી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. અરજી ફોર્મ સાથે જોડેલ પ્રમાણપત્રોના ઝેરોક્ષ સેટના આધારે નિયમો અનુસાર મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે અને તે મેરીટના આધારે રૂબરૂ કાઉન્સેલિંગ યોજાશે.
- પ્રવેશ મળ્યે સ્થળ પર જ નિયત ફી (ભાઈઓ - રૂ. ૧૩૭૦૦/- તથા બહેનો - રૂ. ૮૭૦૦/- ભરવાના રહેશે.
- વિદ્યાર્થીઓને કોમન પ્રવેશના અંતે હાલમાં ખાલી રહેલ બેઠકોમાં મેરીટ મુજબ જ પ્રવેશ આપવામાં આવશે.
- ખેડૂત પુત્ર/પુત્રી તથા ખેડૂત ખાતેદાર વિદ્યાર્થીઓને નિયમો અનુસાર વિવિધ સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં ખેડૂત પુત્ર/ખેડૂત પુત્રીના વધારાના ૫% ગુણભાર/વેઈટેજ મળવાપાત્ર થશે. આવા વિદ્યાર્થીઓએ ૭/૧૨ અને ૮-અની તાજેતરની ઓરિજિનલ નકલ તથા ખેડૂત ખાતેદાર સાથે સંબંધ પ્રસ્થાપિત કરતો પેઢીનામું/તલાટીનો દાખલો/રેશન કાર્ડ/સરકારશ્રી દ્વારા માન્ય કોઈપણ એક દસ્તાવેજ સાથે લાવવાનો રહેશે.
- રૂબરૂ કાઉન્સેલિંગના દિવસે નિયત સમય કરતાં મોડા આવનાર વિદ્યાર્થીઓને તે સમયે ઉપલબ્ધ ખાલી બેઠકો ઉપર મેરીટના આધારે પ્રવેશ આપવામાં આવશે.
- રૂબરૂ કાઉન્સેલિંગના દિવસે જે તે કેટેગરીના વિદ્યાર્થીઓ હાજર ન હોય અથવા જે તે કેટેગરીની બેઠક ખાલી રહે તો સરકારશ્રીના ધારાધોરણો મુજબ બેઠક કન્વર્ટ કરી પ્રવેશ આપવામાં આવશે.
- ST કેટેગરીની બેઠક ખાલી રહે તો પ્રથમ SC કેટેગરીમાં કન્વર્ટ કરવામાં આવશે અને ત્યારબાદ પણ બેઠક ખાલી રહે તો બિન-અનામત કેટેગરીમાં કન્વર્ટ કરવામાં આવશે.
- SC કેટેગરીની બેઠક ખાલી રહે તો પ્રથમ ST કેટેગરીમાં કન્વર્ટ કરવામાં આવશે અને ત્યારબાદ પણ બેઠક ખાલી રહે તો બિન-અનામત કેટેગરીમાં કન્વર્ટ કરવામાં આવશે.
- ખાલી બેઠકો ભરાયા બાદ પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવશે.
- રૂબરૂ પ્રવેશ માટે આવેલ તમામ ઉમેદવારોને પ્રવેશ મળશે જ તે અંગે પ્રવેશ સમિતિ કોઈ ખાતરી આપતી નથી.
- રૂબરૂ કાઉન્સેલિંગમાં વિદ્યાર્થીઓ/વાલીઓએ સ્વખર્ચે હાજર રહેવાનું રહેશે.

Sd/-
**કુલસચિવ**
સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી
સરદારકૃષિનગર